## નવરાત્રી : સાબરકાંઠા-અરવલ્લીમાં શેરી નવરાત્રી, ખેલૈયાઓમાં જબરો ઉત્સાહ

### શેરી ગરબા માટે સ્થળ ટૂંકા પડ્યા..!!

બાયડ, તા. ૧૧

કોરોનાના કારણે માત્ર શેરી ગરબાની સરકાર દ્વારા છૂટ અપાતાં ગુરૂવારથી નવરાત્રી પર્વ શરૂ થયુ. નવરાત્રી સ્થળે લોકોની પાંખી હાજરી રહેશે તેવી સંભાવના ખોટી સાબિત થઈ છે. રવિવારે સાબરકાંઠા-અરવલ્લીમાં શેરી નવરાત્રી સ્થળે મોટી સંખ્યામાં ખેલૈયાઓ ઉમટતાં નવરાત્રી સ્થળો ટુંકા પડ્યા હતા. આયોજકોએ ખેલૈયાઓના ઉત્સાહને જાળવી રાખવા દોઢ કલાકના ૨ સેશનમાં ખેલૈયાઓએ શેરી નવરાત્રી ઉત્સવમાં ભાગ લેવાની અનેક જગ્યાએ વ્યવસ્થા કરી હતી શેરી નવરાત્રી માટે સ્થળ ટૂંકા પડતાં મુંઝવણ વધી છે.

નવ...નવ...નોરતાની રાત... રંગતાળી... રંગતાળી... વાદલળી વરસી રે ની ગુંજ સાથે જિલ્લાના શહેરી ગ્રામ્ય વિસ્તારોમાં નવરાત્રીનો પ્રારંભ થયો. ચોથા નોરતાથી તમામ શેરી ગરબા સ્થળ ખેલૈયાઓ આકર્ષક ટ્રેડીશનલ ડ્રેસમાં જોવા મળી રહ્યા છે. ખેલૈયાઓના ઉત્સાહથી ગાયકવૃન્દોમાં પણ જબરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બાયડ-હિંમતનગર-મોડાસા-મેઘરજ-ઈડર-ખેડબ્રહ્માના અનેક નવરાત્રી સ્થળે કોરોના સંપૂર્ણ ભૂલીને ખેલૈયા નવરાત્રી પર્વમાં ગડાડુબ બન્યા છે. સાંજ ઢળતાં જ શેરી નવરાત્રી સ્થળ મોડી રાત્રી સુધી ખેલૈયાઓની હાજરીથી જીવંત બની રહ્યા છે.



### શ્રી હિંમત હાઇસ્કુલ માં સુરક્ષા સેતુ કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા સુરક્ષા સેતુ સોસાયટીના સહયોગથી હિંમત હાઈસ્કુલ, હિંમતનગરમાં શાળાના વિદ્યાર્થીઓને સાઈબર ક્રાઈમ ના પ્રકાર અને તેનાથી કેવી રીતે બચી શકાય તે અંગેનું માર્ગદર્શન સાઈબર ક્રાઈમ પી.એસ.આઈ રવિભાઈ પ્રજાપતિ સાહેબ, જે આપણી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે તથા તેમની ટીમ દ્વારા માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું .આ પ્રસંગે તેમના ટેકનિકલ સ્ટાફ અને પ્રોજેક્ટ કોઓર્ડિનેટર જયદીપભાઈ પણ હાજર રહ્યા હતા તથા સાબરકાંઠા પોલીસ ના ટ્રાફિક શાખાના જીતેન્દ્રસિંહ અને અમૃતભાઈ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમનું આયોજન શ્રી બી. એસ.તબિયારે કર્યું હતું.

## નવરાત્રી પર્વ : જિલ્લાના બજારોમાં ૧૯ મહીના પછી નવી રોનક

### યાર્ડ પણ ખેતપેદાશની નવી આવકથી જીવંત

નવરાત્રી પર્વ આવ્યું બજારોમાં તેજી લાવ્યુ જેવી સ્થિતિ છે. પાછલા ૨ દિવસથી શુષ્ક બનેલા બજારોમાં નવી ચેતના જોવા મળી છે. ગારમેન્ટના વેપારી સૌથી વધુ ખુશ જણાઈ રહ્યા છે જ્યારે લગ્નસરાના અવસર હવે શરૂ થવાના છે જેથી ઝવેરી બજાર, કરીયાણા બજાર પણ જીવંત બન્યુ છે. ખરીફ પાક તૈયાર થતાં ખેતપેદાશ યાર્ડમાં ઠલવાઈ રહ્યો છે જેથી યાર્ડ જીવંત બન્યા છે. નવરાત્રી પર્વથી પાછલા ૧૯ મહીનાથી નિસ્તેજ રહેલ બજારોમાં નવી રોનક જોવા મળે છે.

સારૂ મોચાસુ બજાર માટે ઓક્સિજનરૂપ સાબિત થતું હોય છે. સારા ચોમાસાની અપેક્ષા છતાં ખરીફ ખેતીને માફકસરનો વરસાદ મળતાં સારા પાક ઉપજની અપેક્ષા સંતોષાઈ છે. જિલ્લામાં ૪.૫૦ લાખ હેક્ટર જમીનમાં સારી પાક ઉપજ થઈ રહી છે. ખેડૂતો તૈયાર પાક યાર્ડમાં ઠાલવતાં ખેત ઉપજના પૈસા આવતાં જ બજારો ઘરાકીથી ધમધમ્યા છે. નવરાત્રી પર્વમાં ગ્રાહકોને આકર્ષવા વેપારીઓએ મુકેલી સ્કીમથી ગ્રાહકો લલચાઈ રહ્યા છે. નવરાત્રી પર્વ સાચા અર્થમાં વેપારીઓ માટે કષ્ટ હરનારૂ પર્વ બન્યુ છે. નવરાત્રીના આરંભ સાથે તમામ બજારમાં ચિક્કાર ખરીદી જોવા મળે છે. દિવસે ખરીદી અને રાત્રે નવરાત્રી સ્થળે લોકો ઉમટી ખરીદી-નવરાત્રી પર્વ એમ બેવડો ઉત્સાહનો લાભ લઈ રહ્યા છે. કેટલાક વેપારીઓએ જણાવ્યુ કે કોરોનાના કારણે ૧૯ મહીનાથી ગ્રાહકો ખોવાયા હતા પાછલા ૨ દિવસમાં દેખાયેલી ઘરાકીથી વેપારી વર્ગ માટે સારા દિવસોની શરૂઆત થઈ છે.

## ધોલેરા એરપોર્ટનું કામ વર્ષ ૨૦૨૪ સુધી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક

ગુજરાત સરકારે આ પ્રોજેક્ટ માટે ૧,૪૨૭ હેક્ટર જમીન ફાળવી છે. ૭૫ હેક્ટર સરકારી જમીન વ્યાવસાયિક વિકાસ માટે આપવામાં આવી છે. એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરમેન સંજીવ કુમારે જણાવ્યું હતું કે ધોલેરા ખાતે આયોજિત મલ્ટીમોડલ કમ્યુનિકેશન લિંક્સ મહત્વપૂર્ણ છે કારણ કે સ્માર્ટ સિટીઓ દેશના અન્ય ઔદ્યોગિક શહેરો માટે મોડેલ છે. એરપોર્ટનો પ્રથમ તબક્કો આગામી જાન્યુઆરીમાં શરૂ થશે. જેમાં ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ૩૨૦૦ મીટરના રનવેનું બાંધકામ પૂર્ણ કરવાની યોજના છે.અમદાવાદથી ૮૦ કિલોમીટર દૂર સ્માર્ટ સિટી ધોલેરામાં એરપોર્ટના પ્રથમ તબક્કાનું કામ આગામી વર્ષે જાન્યુઆરીમાં શરૂ થશે. આ એરપોર્ટ બે વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૨૪ માં તૈયાર થઈ જશે. જેની માટે રાજસ્થાનના જોધપુરની એક કંપનીને પ્રથમ તબક્કાના બાંધકામની કામગીરી ફાળવવામાં આવી છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સહયોગથી રચાયેલી કંપની ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ કંપની દ્વારા તેને બનાવવામાં આવી રહ્યું છે. આ એરપોર્ટ લગભગ ૧૭૦૦ એકરમાં બનશે. જેમાં એક નવું ટર્મિનલ અને બે મોટા રનવે બનાવવામાં આવશે. આ એરપોર્ટ ધોલેરાથી લગભગ ૨૦ કિમી દૂર નવાગામ ખાતે બનાવવામાં આવી રહ્યું છે. આ એરપોર્ટના નિર્માણ બાદ અમદાવાદ એરપોર્ટને ભારે એર ટ્રાફિકમાંથી મુક્તિ મળશે. અમદાવાદથી ધોલેરા વચ્ચે ૧૦૯ કિલોમીટરનો એક્સપ્રેસ વે પણ બનાવવામાં આવી રહ્યો છે. આ એક્સપ્રેસ વે દ્વારા એરપોર્ટને જોડવામાં આવશે. આ ગ્રીનફિલ્ડ એરપોર્ટમાં બે રનવે બનાવવામાં આવી રહ્યા છે. જે ૩૨૦૦ મીટર અને ૪૦૦૦ મીટરના હશે. એરપોર્ટની ક્ષમતા વાર્ષિક ૧૫ લાખ મુસાફરોની હશે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા એ ૯૮૬.૯૧ કરોડના ખર્ચે આંતરરાષ્ટ્રીય એરપોર્ટના રનવે, ટેક્સી વે, એપ્રોન, રોડ નેટવર્ક સહિતના સિવિલ કામો માટે ટેન્ડર મંગાવ્યા હતા. આ કામ માટે લગભગ ૧૭ કંપનીઓએ ટેન્ડર ભર્યું હતું. જેમા ટેન્ડર જોધપુર સ્થિત કંપનીને ફાળવવામાં આવ્યું છે. આ પ્રથમ તબક્કાનું નિર્માણ કાર્ય વર્ષ ૨૦૨૫ સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે. જયારે એરપોર્ટનો બીજો તબક્કો શરૂ કરવામાં આવશે, જેની વાર્ષિક ક્ષમતા ૫૦ લાખ મુસાફરોની હશે. આ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર પ્રોજેક્ટ હેઠળ ધોલેરા ખાતે બનાવવામાં આવી રહ્યું છે.

## ગુજરાત એસ.ટી. દ્વારા દિવાળી માટે 'આપ કે દ્વાર' યોજના શરૂ કરી

દિવાળીના તહેવારમાં વેકેશન મનાવવા લોકો વતન જતા હોય છે. અને, દિવાળીના તહેવારોમાં એસટી બસ અને રેલવે સ્ટેશન પર સવિશેષ ભીડ થાય છે. ત્યારે આ પરિસ્થિતિને ખાળવા એસટી વિભાગ દ્વારા આ નિર્ણય લેવાય છે. જેથી મુસાફરોની સગવડમાં વધારો થાય અને બસ સ્ટેશન પર ઉમટતી ભીડને ખાળી શકાય. ત્યારે મુસાફરોની સગવડ માટે લેવાયેલો આ નિર્ણય ખરેખર પ્રસંશનીય છે.દિવાળીના તહેવારો દરમિયાન મોટી સંખ્યામાં લોકો વતન જતા હોય છે. મુસાફરોને કોઈ તકલીફ ન પડે તે માટે એસટી નિગમ દ્વારા ૨૯ ઓક્ટોબરથી ૪ નવેમ્બર દરમિયાન એસટી "આપ કે દ્વારે" યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ ૫૧ સીટનું ગ્રુપ બુકિંગ કરાવતા લોકોને નિગમ દ્વારા તેમની સોસાયટીથી પીકઅપ કરી તેમના ગામ સુધી નોનસ્ટોપ બસ સર્વિસ દ્વારા પહોંચાડવામાં આવશે. પરિવારના સભ્યો દ્વારા જે તે રૂટ પર ઓનલાઈન ગ્રુપ બુકિંગ પર ૫ ટકા તેમજ રિટર્ન ટિકિટમાં ૧૦ ટકા ડિસ્કાઉન્ટનો લાભ મળશે.

### માર્ગ મંત્રીના આદેશને અવગણતુ તંત્ર

## મોડાસા-બાયડ-નડીયાદનો મગરની પીઠ જેવા રોડની મરામત અભરાઈએ

### નડીયાદ ડીવીઝન ઉંવાચ-ખાડા પડ્યા જ નથી!!

બાયડ, તા. ૧૧

રાજ્યના માર્ગ અને મકાન મંત્રીએ તા. ૧ થી ૧૦ ઓક્ટોબર દરમ્યાન ખાડા પુરવાનું અભિયાન ચલાવ્યુ અને રંગ લાવ્યું. પણ કોઈને નહી ગાંઠતાં નડીયાદ આર.એન્ડ.બી. ડીવીઝનના ઈજનેરો દ્વારા માર્ગ મંત્રીના આદેશને ધરાર અવગણી મોડાસા-બાયડ-નડીયાદનો મગરની પીઠ જેવા રોડની મરામત અભરાઈએ મુકતાં બાયડ તાલુકાના વાહનચાલકોમાં રોષ વ્યાપ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ચોમાસા દરમ્યાન નબળા ડામર કામની પોલ ખુલી... પછી નવું મંત્રીમંડળ રચાયુ પરંતુ નવા મંત્રીઓ સાચા અર્થમાં પ્રજાની વ્યથા વાંચવામાં સફળ રહ્યા. માર્ગ અને મકાન મંત્રી પૂણેશ મોદી દ્વારા તમારા વિસ્તારના ભંગાર રોડની વિગત મને મોકલોનો સંદેશો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો અને ગણતરીના કલાકોમાં મોડાસા-બાયડ-નડીયાદ હાઈવેના ખરબચડા-ભંગાર રોડની થોકબંધ ફરીયાદો જાગૃત લોકોએ કરી. અભિયાનની મર્યાદા પૂરી થઈ પરંતુ વાત્રક ટોલનાકાથી બોરલ સુધીના મગરની પીઠ જેવા રોડની કોઈ મરામત ન થતાં નવા મંત્રી પણ એજન્સી અને વિભાગના ઈજનેર સામે ઘૂંટણો કેમ ટેકવી તેવા સવાલ થઈ રહ્યા છે. છેલ્લા ૩-૪ વર્ષથી રોડ ખરબચડો હોવા છતાં કેમ સમારકામ થતું નથી.. દર મહીને વાહનચાલકો પાસેથી અઢી કરોડનો ટેક્ષ કંપની વસૂલે છે તો સારા રસ્તાની સુવિધા આપવામાં કેમ પીછેહઠ થઈ રહી છે તે પ્રજાને સમજાતુ નથી.

**ભંગાર રોડ મુદ્દે રસ્તા રોકો આંદોલનની સંભાવના**

મોડાસા-બાયડ-નડીયાદ સ્ટેટ હાઈવે ખાસ કરીને વાત્રક ટોલનાકાથી ડેમાઈ-બોરલ સુધી ઠેકઠેકાણે મગરની પીઠ જેવો રોડ બની ગયો છે. છેલ્લા ૩ વર્ષથી માત્ર દેખાડારૂપ મલમ પટ્ટા થાય છે જે ગણતરીના કલાકમાં ઉખડી જાય છે. રાજ્યના મંત્રીના આદેશ પછી પણ ખાડાવાળા રસ્તાનું મરામત ન થતાં ભંગાર રોડ મુદ્દે બાયડના યુવાનો રસ્તા રોકો આંદોલનનો આખરી જંગ છેડશે તેમ જાણવા મળ્યુ છે.

## કળીયુગ : બાયડના અહમદપુરામાં કુહાડીના ઘા ઝીંકી પત્નીની હત્યા

### હત્યારો પતિ જેલના સળીયા પાછળ ધકેલાયો

બાયડ, તા. ૧૧

જિલ્લામાં શક્તિ-ઉપાસના પર્વ નવરાત્રી દરમ્યાન બાયડ તાલુકાના અહમદપુરામાં કુહાડીના ઘા ઝીંકી ઈન્દુબેન પરમારની પતિએ હત્યા કરતાં સનસનાટી મચી છે. પિયર પક્ષ દ્વારા હત્યા મુદ્દે આક્રોશમાં આવતાં પોલીસ હરકતમાં આવી હતી. સમજાવટ પછી ૪ કલાક બાદ મહીલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો. સાઠંબા પોલીસ દ્વારા હત્યાનો ગુનો નોંધી હત્યારા પતિ માધુસિંહ જલુસિંહ પરમારની અટકાયત કરી જેલના સળીયા પાછળ ધકેલાયો છે. હત્યા માટે ઘરકંકાસ કારણભૂત હોવાનું ચર્ચાય છે.

બાયડ તાલુકામાં બળજબરીથી દુષ્કર્મ, અપરહણ, છેડતી, ધોળેદાઢે તસ્કરી, હત્યાના બનાવો વધતાં ઉંચકાયેલા ક્રાઈમરેટથી પ્રજામાં દહેશતનો માહોલ છે. ગતરોજ બાયડ તાલુકાના અહમદપુરામાં શંકાશીલ પતિએ પત્ની ઉપર ગુસ્સે થઈ ઝનૂન સવાર થતાં કુહાડીના ઘા ઝિંકી હત્યા કરી નાખ્યા પછી ગામમાં સનસનાટી મચી ગઈ. ઈન્દુબેનની હત્યા થયાની ખબર મળતાં ખલીકપુર ગામના પીયરીયા દોડી આવ્યા હતા અને આક્રોશમાં આવી મામલો બિચકતાં ગ્રામજનો-પોલીસ દ્વારા મેરેથોન સમજાવટ પછી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો. સાઠંબા પી.એસ.આઈ. ગઢવીએ હત્યારા પતિને ઝડપી લોકઅપમાં ધકેલ્યો છે અને હત્યા પાછળ પતિનો શંકાસીલ સ્વભાવ જવાબદાર હોવાનું પ્રાથમિક રીતે જણાઈ આવતાં ઊંડાણથી તપાસ શરૂ કરવામાં આવી છે.

## સ્વચ્છ પર્યાવરણ જાગૃતિ માટે સઘન પ્રયત્નશીલ ગાયત્રી પરિવાર

### સાગવા ગામે ૧૦૮ તરુરોપણ મહાયજ્ઞ યોજાયો

બાયડ તા.૧૧

જીવમાત્રને સ્વસ્થ જીવન જીવવા પર્યાવરણ બચાવ માટે



સમગ્ર વિશ્વ ચિંતિત છે. તે માટે કુદરતી ઉપાયો પર જાગૃતિ ઝુંબેશ ખૂબ જ જરૂરી છે. એના ભાગ રૂપે વૃક્ષોનું જતન એ વાતાવરણ સેનેટાઈઝ માટે અકસીર ઉપાય છે.

ગાયત્રી પરિવાર દ્વારા જનમાનસમાં જાગૃતિ લાવવા વૃક્ષ ગંગા અભિયાન અંતર્ગત અનેક કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ છે. મોડાસા ગાયત્રી ચેતના કેન્દ્ર દ્વારા પ્રાપ્ત જાણકારી અનુસાર ગાયત્રી પરિવાર યુવા ગૃપ દ્વારા મોડાસા નજીક સાગવા ગામે ૧૦ ઑક્ટોબર, રવિવારે ૧૦૮ તરુરોપણ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. આ તરુરોપણ મહાયજ્ઞ દ્વારા સાગવા ગામે "પં. શ્રીરામ શર્મા આચાર્ય વન" ના નામે કુદરતી ઓક્સિજન પ્લાન્ટનું નિર્માણ થઈ રહ્યું છે. જેના પ્રારંભમાં ૧૦૮ વ્યક્તિઓ દ્વારા અલગ અલગ પ્રકારના કુલ ૧૦૮ રોપા વૈદિક મંત્રોચ્ચાર સાથે વાવેતર કરવામાં આવ્યા. જેમાં દરેક રોપા સાથે એક એક વ્યકિત જોડાયા. આ વૃક્ષના રોપાને પોતાના મિત્ર કે પુત્રની જેમ ભાવનાત્મક સંબંધ જોડી જતન કરવાના સંકલ્પ સાથે રોપવામાં આવેલ. આ તરુરોપણ મહાયજ્ઞમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે ગાયના છાણાંમાં દિપક પ્રગટાવી યજ્ઞ આહુતિનું વીસ મિનિટનું કર્મકાંડ કરાવવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં મોડાસા તાલુકા પ્રમુખશ્રી બિપિનભાઈ પટેલ, મોડાસા તાલુકા મહામંત્રીશ્રી અંકિતભાઈ પટેલ, સાગવા ગામના સરપંચશ્રી ગીતાબેન ભરવાડ, ડેપ્યુટી સરપંચશ્રી હર્ષદભાઈ પટેલ, ગાયત્રી પરિવાર યુવા સંગઠન, ગુજરાતના સંયોજકશ્રી કિરિટભાઈ સોની, અરવલ્લી જીલ્લા ગાયત્રી પરિવારના સંયોજકશ્રી હરેશભાઈ કંસારા, મોડાસા તાલુકા સંયોજકશ્રી સોમાભાઈ બારોટ, ગાયત્રી ચેતના કેન્દ્ર, મોડાસાના પ્રમુખશ્રી ધર્માભાઈ પટેલ તથા



મંત્રીશ્રી કાન્તિભાઈ ચૌહાણ, અરવિંદભાઈ કંસારા , અમૃતભાઈ પટેલ, શીવુભાઈ પટેલ, કેશુભાઈ પટેલ, મહેશભાઈ ભરવાડ, પુનમભાઈ ભરવાડ, હર્ષદભાઈ પ્રજાપતિ સહિત અનેક ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યાં. ઉપસ્થિત અગ્રણી મહેમાનો દ્વારા દિપ પ્રજ્વલિત કરી કાર્યક્રમનો શુભારંભ થયો. યુવા બહેનોની ટીમ દ્વારા તરુરોપણ મહાયજ્ઞનું વિધાન સંપન્ન કરાવવામાં આવ્યું. આ કાર્યક્રમમાં સાગવા, ડુઘરવાડા અને મોડાસાના ભાઈઓ બહેનો યજમાન તરીકે જોડાયા હતાં. જેઓ દ્વારા સંકલ્પ સાથે ૧૦૮ તરુરોપણ કરવામાં આવ્યું. આ આયોજનમાં ગાયત્રી તીર્થ, શાંતિકુંજ, હરિદ્વારથી શ્રી કેદારપ્રસાદ દુબે ઓનલાઈન જોડાઈ ઉપસ્થિત સૌને વૃક્ષ ગંગા અભિયાન અંતર્ગત વિશેષ જાણકારી આપી હતી તેમજ આ તરુરોપણ મહાયજ્ઞ માટે સૌને શુભેચ્છાઓ પાઠવી હતી.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા ગાયત્રી પરિવાર યુવા ગૃપ, મોડાસાના ભાર્ગવ પ્રજાપતિ, પ્રજ્ઞેશ કંસારા, પરેશ ભટ્ટ, દેવાશિષ કંસારા, જનક ઉપાધ્યાય, વિરેન્દ્ર સોની, યશ ભટ્ટ, પ્રકાશ સુથાર, રવિ પટેલ, હર્ષ પટેલ વિગેરે યુવા ટીમ દ્વારા છેલ્લા એક મહિનાથી દિવસ રાતની મહેનત રહી. આ ઉપરાંત આ ટીમ દ્વારા છેલ્લા પંદર રવિવારથી પ્રાણવાન સન્ડે ના નામથી અભિયાન ચલાવી મોડાસા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં અનેક સ્થાનો પર પર્યાવરણ બચાવ અને સ્વસ્થ જીવન માટે તરુરોપણ કાર્યક્રમ કરી વૃક્ષોના જતન માટે જાગૃતિ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.


### મુખી પરિવારનો દબદબો

## બાયડ કેળવણી મંડળના ચેરમેન પદે મોતીભાઈ પટેલની બિન હરીફ વરણી

### અજાત શત્રુ, સરળ સ્વભાવથી તમામ વર્ગમાં લોકપ્રિય

બાયડ, તા. ૧૧

બાયડ કેળવણી મંડળની સામાન્ય સભા અગાઉ પરિવર્તનનો પવન ફૂંકાશેની હવા વચ્ચે ફરી એકવાર ચેરમેન પદે મોતીભાઈ પટેલ (મુખી)ની બિન હરીફ વરણી થતાં શૈક્ષણિક સંસ્થામાં મુખી પરિવારનો દબદબો જોવા મળ્યો. અજાત શત્રુ, કોઈને નડવાનું નહી અને સરળ સ્વભાવથી તમામ વર્ગમાં લોકપ્રિય હોવાથી ફરી એકવાર ચેરમેન પદે બિન હરીફ ચૂંટાઈ આવ્યા છે.



૭૦ વર્ષ જૂની શૈક્ષણિક સંસ્થાના બાયડ કેળવણી મંડળની સામાન્ય સભા તા. ૧૦ ઓક્ટોબરના રોજ ખેતી બેન્કના પૂર્વ ચેરમેન અને મંડળના અધ્યક્ષ કનુભાઈ એમ. પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ. તમામ સમાજને પ્રતિનિધીત્વ આપવાનો પ્રયાસ થયો. બીજા દિવસે કારોબારી બેઠક યોજાઈ જેમાં અગાઉની ટર્મના તમામ હોદ્દેદારોને બિન હરીફ વરણી કરવામાં આવી હતી. બાયડ હાઈસ્કૂલના પૂર્વ આચાર્ય નરેન્દ્રભાઈ પટેલની ઉપ પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી પરંતુ તેમનું અવસાન થયું હતું જેથી ઉપ પ્રમુખ તરીકે વિઠ્ઠલભાઈ આર. પટેલની વરણી કરવામાં આવી છે. બાયડ કેળવણી મંડળ અને શૈક્ષણિક સંસ્થાઓ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી સૌએ શુભકામના પાઠવી હતી.

## અરવલ્લી જીલ્લા શિક્ષણાધિકારી વિભાગ દ્વારા સંસ્કૃત કાર્યશાળાનું આયોજન

### જીલ્લા નિવાસી અધિક કલેકટર પ્રદીપસિંહ રાઠોડની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો

મોડાસા તા.૧૧

અરવલ્લી જીલ્લાના મોડાસા પ્રાર્થના સ્કૂલ ખાતે ગુજરાત સંસ્કૃત બોર્ડ ગાંધીનગર તથા અરવલ્લી જીલ્લા શિક્ષણાધિકારી વિભાગ દ્વારા જીલ્લા અધિક નિવાસી કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડની ઉપસ્થિતિમાં કાર્યશાળાનું આયોજન કરાયુ.

જે અંતર્ગત સંસ્કૃત વિષયના શિક્ષકોની કાર્યશાળા યોજવામાં આવી હતી. જેમાં સંસ્કૃત વિષયના પ્રચાર પ્રસાર માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સંસ્કૃત બોર્ડ અધ્યક્ષશ્રી જયશંકર રાવલ, જીલ્લા શિક્ષણાધિકારી શ્રીમતી ગાયત્રીબેન પટેલ, મદદનીશ વહીવટીશ્રી પુલકિતભાઈ જોષી તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## કાવીઠા ગામના ખેડૂતોનો જમીન સંપાદનના વળતરમાં અન્યાય થયો હોવાનો આક્ષેપ

અમદાવાદ , તા.૧૧

જમીન સંપાદનમાં થયેલી ભૂલને સુધારવામાં આવે અને કાવીઠાના ખેડૂતોને પણ યોગ્ય વળતર ચૂકવાય તે અંગે અસરગ્રસ્તોએ સરકારને પણ રજૂઆત કરી છે. સરકારે ખેડૂતોને યોગ્ય વળતર ચૂકવવાની બાંહેધરી પણ આપી હોવાનો દાવો ખેડૂતો કરી રહ્યા છે.અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના કાવીઠા ગામના ખેડૂતોને અન્યાય થયો હોવાનો આક્ષેપ કર્યો છે. જેમાં અમદાવાદથી ધોલેરા એક્સપ્રેસ હાઈવે કાવીઠા ગામમાંથી(દ્બક્દ્દૈરક્ર ફૈંજ્ઞઙ્ઘટ્ઠક્ષી) નીકળે છે. એક્સપ્રેસ હાઈવે માટે કાવીઠા ગામની ૯૪૦ વિઘા જમીન સંપાદન કરવામાં આવી છે.. કાવીઠા ગામના ખેડૂતના ખેતરની બાજુમાં આવેલા ચાચરવાળી વાસણાના ખેડૂતોને વીઘા દીઠ ૮૪ લાખ રૂપિયા વળતર ચુકવવામાં આવ્યા છે. જ્યારે કાવીઠાથી અડધો કિલોમીટર દૂર આવેલા ચલોડા ગામના ખેડૂતોને વીઘા દીઠ ૬૫ લાખનું વળતર ચુકવવામાં આવ્યું છે.. જેની સામે કાવીઠા ગામના ખેડૂતોને માત્ર વીધે ૨૨ લાખનું જ વળતર આપવામાં આવ્યું છે. જેને લીધે જમીન સંપાદનના વળતરમાં કાવીઠા ગામના ખેડૂતોને ભારે અન્યાય થયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. કાવીઠાના ખેડૂતોનો દાવો છે કે ચાચરવાળી વાસણા અને ચલોડા ગામની જમીન કરતા કાવીઠાની જમીન સારી છે.. તેમ છતાં કાવીઠા ગામના ખેડૂતોને યોગ્ય વળતર ચૂકવવામાં ન આવ્યું હોવાના આક્ષેપ થઈ રહ્યા છે.. આ સ્થિતિમાં ખેડૂતોની માગ છે કે જે રીતે અન્ય બે ગામની જમીન સંપાદન કરી તેમને ઉચી કિંમત ચૂકવવામાં આવી છે, તે જ પ્રમાણે કાવીઠાના ખેડૂતોને પણ યોગ્ય રકમ ચૂકવવામાં આવે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧